# ઈન્ટરનેટની છેતરામણી વાતો (Scams on Internet)

લેખક :- જયંતીભાઈ પટેલ

## ૩. નાઈઝીરીયન સ્કેમ (Nigerian Scam) અથવા એડવાન્સ ફી ફ્રોડ :-

જો તમે તમારુ ઈમેઈલ એડ્રેસ તમારી વેબ સાઈટ પર મૂક્યું હોય અથવા કોઈ વેબ સાઈટની ગેસ્ટબુકમાં લખ્યું હોય તો તમારી પાસે આ અને આવી ઘણી લલચામણી ઈમેઈલ્સ આવવી શરૂ થઈ ગઈ હશે. મારું માનજો કે એમાંની ૯૦થી ૯૫ ટકા છેતરામણીની જ હશે.

નીચે બોકસમાં એક ઈમેઈલ મૂકી છે. તમારી પાસેય કદાચ આ જાહેરાત આવી હશે. તમને આમાં એવી મોટી ઓફર કરવામાં આવી હોય છે કે તમે એમની વાતમાં આવી જ જાવ. શરૂમાં તો તમારે તમારી અને તમારા બેંક એકાઉન્ટની વાતો જણાવવાની હોય છે. એ જણાવો એટલે તમારા ખાતામાં હજારો મિલિયન ડોલર જમા થઈ જવાની અને તેમાંથી તમને ૧૦ કે ૨૦ ટકા તમારા સહકાર બદલ મળવાની ખાતરી આપવામાં આવી હોય છે.

**REQUEST FOR URGENT BUSINESS RELATIONSHIP**

FIRST, I MUST SOLICIT YOUR STRICTEST CONFIDENCE IN THIS TRANSACTION. THIS IS BY VIRTUE OF ITS NATURE AS BEING UTTERLY CONFIDENTIAL AND 'TOP SECRET'. I AM SURE AND HAVE CONFIDENCE OF YOUR ABILITY AND RELIABILITY TO PROSECUTE A TRANSACTION OF THIS GREAT MAGNITUDE INVOLVING A PENDING TRANSACTION REQUIRING MAXIIMUM CONFIDENCE.

WE ARE TOP OFFICIAL OF THE FEDERAL GOVERNMENT CONTRACT REVIEW PANEL WHO ARE INTERESTED IN IMPORATION OF GOODS INTO OUR COUNTRY WITH FUNDS WHICH ARE PRESENTLY TRAPPED IN NIGERIA. IN ORDER TO COMMENCE THIS BUSINESS WE SOLICIT YOUR ASSISTANCE TO ENABLE US TRANSFER INTO YOUR ACCOUNT THE SAID TRAPPED FUNDS.

THE SOURCE OF THIS FUND IS AS FOLLOWS; DURING THE LAST MILITARY REGIME HERE IN NIGERIA, THE GOVERNMENT OFFICIALS SET UP COMPANIES AND AWARDED THEMSELVES CONTRACTS WHICH WERE GROSSLY OVER-INVOICED IN VARIOUS MINISTRIES. THE PRESENT CIVILIAN GOVERNMENT SET UP A CONTRACT REVIEW PANEL AND WE HAVE IDENTIFIED A LOT OF INFLATED CONTRACT FUNDS WHICH ARE PRESENTLY FLOATING IN THE CENTRAL BANK OF NIGERIA READY FOR PAYMENT.

HOWEVER, BY VIRTUE OF OUR POSITION AS CIVIL SERVANTS AND MEMBERS OF THIS PANEL, WE CANNOT ACQUIRE THIS MONEY IN OUR NAMES. I HAVE THEREFORE, BEEN DELEGATED AS A MATTER OF TRUST BY MY COLLEAGUES OF THE PANEL TO LOOK FOR AN OVERSEAS PARTNER INTO WHOSE ACCOUNT WE WOULD TRANSFER THE SUM OF US$21,320,000.00(TWENTY ONE MILLION, THREE HUNDRED AND TWENTY THOUSAND U.S DOLLARS). HENCE WE ARE WRITING YOU THIS LETTER. WE HAVE AGREED TO SHARE THE MONEY THUS; 1. 20% FOR THE ACCOUNT OWNER 2. 70% FOR US (THE OFFICIALS) 3. 10% TO BE USED IN SETTLING TAXATION AND ALL LOCAL AND FOREIGN EXPENSES. IT IS FROM THE 70% THAT WE WISH TO COMMENCE THE IMPORTATION BUSINESS.

PLEASE,NOTE THAT THIS TRANSACTION IS 100% SAFE AND WE HOPE TO COMMENCE THE TRANSFER LATEST SEVEN (7) BANKING DAYS FROM THE DATE OF THE RECEIPT OF THE FOLLOWING INFORMATIOM BY TEL/FAX; 234-1-7740449, YOUR COMPANY'S SIGNED, AND STAMPED LETTERHEAD PAPER THE ABOVE INFORMATION WILL ENABLE US WRITE LETTERS OF CLAIM AND JOB DESCRIPTION RESPECTIVELY. THIS WAY WE WILL USE YOUR COMPANY'S NAME TO APPLY FOR PAYMENT AND RE-AWARD THE CONTRACT IN YOUR COMPANY'S NAME.

WE ARE LOOKING FORWARD TO DOING THIS BUSINESS WITH YOU AND SOLICIT YOUR CONFIDENTIALITY IN THIS TRANSATION. PLEASE ACKNOWLEDGE THE RECEIPT OF THIS LETTER USING THE ABOVE TEL/FAX NUMBERS. I WILL SEND YOU DETAILED INFORMATION OF THIS PENDING PROJECT WHEN I HAVE HEARD FROM YOU.

YOURS FAITHFULLY,

DR CLEMENT OKON

NOTE; PLEASE QUOTE THIS REFERENCE NUMBER (VE/S/09/99) IN ALL YOUR RESPONSES.

ઉપર આપ્યો છે એવો કે એને મળતો પત્ર તમને ઈમેઈલમાં કદાચ મળ્યો હશે. ન મળ્યો હોય તો એમાં કશું દુઃખી થવા જેવું નથી. જો મળે તો જ સાચવવા જેવું છે.

ઉપર જણાવેલો પત્ર તો એક નમૂનો છે. આ અને આને મળતા અનેક પત્રો હાલ બજારમાં છે. બધાનું ધ્યેય એક જ છે : ભોળા કે મૂર્ખા કે લોભી માણસોને છેતરીને તેમની પાસેથી પૈસા પડાવવા.

તમને આવો પત્ર મળે તો સારામાં સારું કામ એને જોતાંની સાથે જ ડીલીટ કરી દેવાનું છે. જો તમે એમાં રસ બતાવ્યો તો પેલું શેતાની ચકકર ચાલુ થઈ જ જશે.

પહેલાં તો તમારે એમના મોકલેલા ફોર્મમાં તમારું નામ, સરનામું, ઈમેઈલ એડ્રેસ, બેંક એકાઉન્ટની માહિતી, સોસીયલ સીકયોરીટી નંબર વગેરે ભરવાં પડે છે. એટલે કે પેલા વીસ ટકાની લાલચે તમે તમારાં કાંડાં કાપી આપો છો.

આટલી વિધિ પતે ત્યાં સુધી તો તમને એમ જ લાગે છે કે તમારે કશું ગુમાવવાનું નથી એટલે લાગ્યું તો તીર નહીં તો તુકકો એમ તમને લાગતું હશે. પણ આ વાત સાચી નથી. તમે તમારી સંપૂર્ણ જાણકારી એમને આપી દીધી હોય છે જે ભવિષ્યમાં તમને નડી શકે છે.

હવે રીયલ સ્કેમ શરૂ થાય છે. હવે તમને ઈમેઈલ મળે છે કે પૈસા ટ્રાન્સફર કરવામાં એક મુશ્કેલી આવે છે. ફર્સ્ટ નેશનલ બેંન્ક ઓફ નાઈઝીરીયા અજાણ્યા ખાતામાં આવી મોટી રકમ ટ્રાન્સફર કરી શકતી નથી. એટલે તમારે આ બેંકમાં હજાર ડોલર ભરીને ખાતું ખોલાવવું પડશે. આ રાષ્ટ્રીય બેંક છે એટલે એમાં ચિંતા કરવા જેવું નથી. વળી આ સાથે મોકલેલાં ફોર્મ ભરીને ઈમેઈલથી પણ ખાતું ખોલી શકાય છે. આ નામની કોઈ બેંક જ નહીં હોય. કદાચ તમારો આ નામનો ચેક વટાવવા પૂરતું આ નામનું ખાતું હશે અને તે પણ કામચલાઉ જ હશે. જેવો તમારો ચેક જમા થાય કે તરત તેમાંથી પૈસા પગ કરીને લાગતા વળગતા ખાતામાં પહોંચી જવાના હશે.

આ ખતામાં બધી રકમ ટ્રાન્સફર કરવામાં આવશે પછી તમારા એક જ ચેકથી એ રકમ તમારા ખાતામાં ટ્રાન્સફર કરી શકશો. આમને તમારા પર પૂરો વિશ્વાસ છે કે રકમ તમારા ખાતામા જમા થઈ ગયા પછી તમે તમારા વીસ ટકા કાપી લઈ અમને બાકીના એંસી ટકાની રકમનો ચેક આપી દેશો.

આમાં છેલ્લું વાકય વાંચતાં તમને ખાતરી થાય છે કે પૈસા હવે ખાતું ખોલાવવા જેટલા જ દૂર છે. મોટાભાગના માણસો આટલેથી જ અટકી જાય છે પણ કેટલાક તો લોભી અને મૂર્ખા હોય જ છે. એ હજાર ડોલરનું આંધણ મૂકી અંદર ઊંડા ઊતરે છે. ને પેલા સ્કેમવાળાને તો આવા પાંચ પંદર માણસો મળી જાય જ છે. પછી બીજા પ્રકારની ઈમેઈલ તૈયાર કરવામાં એ લોકો પડી જાય છે.

ઈન્ટર નેટ પર આવાં સ્કેમ ઢગલાબંધ છે. કોઈ પણ લીંક પર ટકોરો મારતા પહેલાં સાત વખત વિચારવાની જરૂર છે.

લેખકના પરિચય માટે અહીં કલીક કરો

આવા અન્ય લેખો માટે અહીં કલીક કરો

નિયમો માટે અહીં કલીક કરો